# ગાંધીનગર શહેર-જિલ્લામાં વધુ ૧૨ કેસ

## વાત ગાંધીનગરની

શહેરમાં અનલોક-૨ના આરંભ સાથે કોરોનાનો વિસ્ફોટ થતાં ચિંતાનું મોજુ ફરી વળ્યુ છે. હજુ પણ વધુ સાવધાની રહેવી જોઈએ. નાગરિક ધર્મનું પાલન જરૂરી હોય તેવુ પળાતુ નથી એ હકીકત છે.

**એક્સપર્ટ તબીબો ગાંધીનગરમાં**

કોરોના સંક્રમણ અંગે સરકારને સલાહ, સૂચન અને સહયોગ આપવા એક્ટસપર્ટ તબીબોના ગ્રુપની મુખ્યમંત્રીના બંગલે યોજાયેલી બેઠકમાં વધતા જતાં સંક્રમણ અંગે ઘનિષ્ઠ ચર્ચા યોજાઈ હતી. આરોગ્ય વિભાગના અગ્ર સચિવ સુરત હોવાથી વીડિયો કોન્ફરન્સથી તેઓએ આ બેઠકમાં ભાગ લીધો હતો જ્યારે સરકાર પક્ષે મુખ્યમંત્રી સહિત ઉચ્ચ અધિકારીઓએ તજજ્ઞ તબીબોના સૂચનો ગંભીરતાથી નોંધ્યા હતા અને બે-ત્રણ દિવસમાં એના અમલ માટે એક્શન પ્લાન ઘડવા તત્પરતા બતાવી હતી.

**મુલાકાતીઓ ઘટ્યા, વાહનો વધ્યાં...**

સચિવાલયમાં છેલ્લા બે દિવસથી મુલાકાતીઓ ઘટ્યા છે. ખૂબ જ ઓછી સંખ્યામાં મુલાકાતીઓ સચિવાલયમાં આવે છે પરંતુ કર્મચારીઓ-અધિકારીઓ પોઈન્ટની બસો અને શહેરી બસ વ્યવસ્થાની ઉપલબ્ધિ નહી હોવાથી અને સાવધાનીના ભાગરૂપે પોતાના વાહનોમાં આવવાનુ પસંદ કરે છે એટલે વાહનોની સંખ્યામાં નોંધપાત્ર વધારો આંખે ઉડીને વળગે છે. અમદાવાદ ઉપરાંત આસપાસના વિસ્તારોમાંથી પણ બસોમાં આવવાના બદલે પોતાના વાહનોમાં આવવાનુ પસંદ કરે છે.

**શહેરમાં માસ્કના મામલે પોલીસના વર્તનનો વિવાદ**

છેલ્લા બે દિવસથી શહેરમાં માસ્ક પહેરવાની ઝુંબેશમાં પોલીસે આકરૂ વલણ અખત્યાર કર્યુ છે જે આવકારદાયક છે પરંતુ કેટલાક કિસ્સાઓમાં વેપારીઓ અને મુલાકાતીઓને કનડગત વધવાની ફરિયાદ ઉઠી છે. ખાસ કરીને સેક્ટર-૨૧ના શોપીંગ સેન્ટરમાં અને વિશ્વકર્મા શોપીંગ સેન્ટરમાં પોલીસના વર્તન સામે વેપારીઓની ફરિયાદ છે કે પોલીસ દ્વારા ખોટી રીતે હેરાનગતિ થાય છે.

**ગુરૂમાનો ગીતા સત્સંગ**

છેલ્લા ત્રણેક મહિનાથી કોરોનાના કહેરના પગલે ધાર્મિક કાર્યક્રમો સંપૂર્ણપણે બંધ છે. શહેરમાં કેટલાક મંદિરો પણ હજુ ખુલ્યા નથી ત્યારે સેક્ટર-૧ સ્થિત સમદર્શન આશ્રમના સાધકો માટે પૂજ્ય ગુરૂનાએ યુ ટ્યુબ ચેનલના માધ્યમથી ગીતાજ્ઞાન સત્સંગ શરૂ કર્યુ છે. સેંકડો ભાવિકો ડિજિટલ પ્લેટફોર્મના માધ્યમથી આ સત્સંગનો લાભ લઈ રહ્યા છે. કઠોર સમયમાં સત્સંગના માધ્યમથી મળતી સાંત્વના નગરના જનજીવન માટે ઉપકારક બની રહી છે.

**કડી યુનિવર્સિટીનો આવકારદાયક અભિગમ**

કડી સર્વ વિશ્વવિદ્યાલય એક જ એવી અપવાદ યુનિવર્સિટી છે કે જેની બધી જ વિદ્યાશાખાઓની વાર્ષિક પરીક્ષા સુખરૂપ રીતે ઓનલાઈન સંપન્ન થઈ છે. કોઈપણ જાતના વાદ-વિવાદ વિના યોજાયેલી પરીક્ષા અનેક વિશ્વવિદ્યાલયો માટે દાખલારૂપ બની છે. મોટાભાગની વિદ્યાશાખાના પરિણામો પણ જાહેર થઈ ગયા છે.

**અને છેલ્લે...**

આગામી રવિવારે ગુરૂપૂર્ણિમા પર્વ છે. આ વર્ષે મોટાભાગના સંતો-મહંતો ઉત્સવની ઉજવણી મોકુફ રાખવાની જાહેરાત કરી ચૂક્યા છે અથવા તો કેટલાક ડિજિટલ પ્લેટફોર્મના માધ્યમથી ગુરૂપૂર્ણિમાનો સંદેશ પોતાના શિષ્યોને આપશે. ઈતિહાસમાં પહેલીવાર ગુરૂને વંદન કરવાની પરંપરા તુટશે.

## ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૮ કેસ

### ગાંધીનગરમાં ૩, કલોલમાં ૩ અને માણસામાંથી ૨ કેસ મળ્યા, જિલ્લા કલેક્ટરે ખાસ સમીક્ષા બેઠક યોજી

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી આજે કોરોનાના ૮ પોઝીટીવ કેસ મળી આવ્યા છે. ગ્રામીણ વિસ્તારમાં વધતા જતા કેસોને લઈ આજે જિલ્લા કલેક્ટર દ્વારા ખાસ સમીક્ષા બેઠક પણ રાખવામાં આવી હતી.

મળતી વિગતો પ્રમાણે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા દર્દીઓનો રિકવરી રેટ સારો છે તેવુ તંત્રના અધિકારીઓએ કલેક્ટરને સમીક્ષા બેઠક દરમ્યાન જણાવ્યુ હતુ. ડેથરેટ જે વધી રહ્યો છે તેમાં કો.મોર્બિડ દર્દીઓના મૃત્યુ વધારે થયાનું પણ અધિકારીઓએ જણાવ્યુ હોવાનું જાણવા મળેલ છે.

જો કે જિલ્લા કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારીએ ટ્રેકીંગ ફાસ્ટ કરવા તેમજ સઘન સર્વેલન્સ કરવા પર ભાર મુક્યો હતો. આજની આ બેઠકમાં જિલ્લામાં કોરોના અંગે સર્વગ્રાહી સમીક્ષા કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

આજે જે ૮ કેસ નોંધાયા છે તેમાં ગાંધીનગરમાં ૩, માણસામાં ૨ અને કલોલના ૩ કેસનો સમાવેશ થાય છે.

મળતી વિગતો પ્રમાણે માણસા તાલુકાના પરબતપુરા ગામેથી એક ૫૪ વર્ષીય પુરૂષનો રિપોર્ટ ગઈકાલે મોડી સાંજે પોઝીટીવ આવ્યો હતો જેમને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

આ ઉપરાંત અંબોડ ગામેથી પણ એક પોઝીટીવ કેસ મળી આવેલ છે. જે દર્દીને પણ સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે.

કલોલમાંથી આજે વધુ ૩ કેસ મળી આવ્યા છે. જેમાં એક મહિલાનો સમાવેશ થાય છે. કલોલ અર્બનમાંથી બે કેસ અને એક કેસ કલોલ નજીક આવેલ રકનપુર ગામેથી મળ્યો હોવાનું જાણવા મળેલ છે.

આ દર્દીઓને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

ગાંધીનગર તાલુકાના ૩ દર્દીઓ મળી આવ્યા છે. જેમાં અડાલજમાંથી ૨ અને વાવોલમાંથી એક કેસ મળી આવેલ છે.

વાવોલ અને અડાલજમાંથી જે રીતે કેસો વધી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે.

## શહેરમાં ૪ નવા કેસ

### એસબીઆઈના કર્મચારી તેમજ રેલવેના પેરામિલેરી ફોર્સનો જવાન કોરોનામાં સપડાયો

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરમાંથી આજે કોરોનાના વધુ ૪ કેસ મળી આવ્યા છે. આ સાથે શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા ૨૨૨ પર પહોંચી છે.

આજે શહેરના સે. ૨૬, સે. ૩-બી અને ૩-ડીમાંથી આ કેસો મળી આવ્યા છે. શહેરમાં કોરોનાના વધતા જતા કેસોને લઈ તંત્રની ચિંતામાં વધારો થયો છે.

આજે નોંધાયેલા ૪ કેસમાં બે મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. મહિલા દર્દીઓની સંખ્યામાં પણ જે રીતે વધારો થઈ રહ્યો છે તેથી તંત્ર વધુ ચિંતીત બન્યુ છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૩-બી માંથી એક દંપતિનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દંપત્તિ સચિવાલયની એસ.બી.આઈ. શાખામાં ફરજ બજાવે છે. મળતી વિગતો પ્રમાણે આ દંપતિએ આરોગ્ય વિભાગની ગાઈડલાઈન પ્રમાણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકારી અને તંત્રને લેખિતમાં બાંહેધરી આપતાં તંત્રએ તેને મંજૂરી આપી છે. આ દંપતિના પરિવારમાં ૬ વ્યક્તીઓ છે તેમને પણ તંત્ર દ્વારા હોમ ક્વોરોન્ટાઈન કરી દેવામાં આવ્યા છે.

સેક્ટર-૩-ડી માંથી રેલવે પેરા મિલેટરી ફોર્સમાં નોકરી કરતા એક ૩૯ વર્ષીય જવાનનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ જવાન અમદાવાદ ખાતે નોકરી કરે છે.

આ દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. જ્યારે તેના પરિવારના ૩ સભ્યોને તંત્ર દ્વારા હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

સે. ૨૬ માં આવેલ ગ્રીનસીટી વિસ્તારમાંથી આજે એક ૫૭ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ મહિલાએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ રજુ કરી લેખિત બાંહેધરી આપતાં તંત્રએ તે મંજૂર રાખેલ છે. તેમના ઘરમાં બે જ વ્યક્તી છે.

શહેરમાં આજે ૩ દર્દીઓને હોમ આઈસોલેશનની મંજૂરી તંત્ર દ્વારા આપવામાં આવી છે જે કોરોના સંક્રમણ પછી અપાયેલી સૌથી વધુ મંજૂરી છે.

શહેરમાં હાલ ૨૮૨ લોકો હોમ ક્વોરોન્ટાઈન હેઠળ હોવાનું પણ તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે. આજે શહેરમાં ૪ દર્દીઓ રિકવર થતાં તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. હાલ ૩૫ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

## ૧૮ ગામ મનપામાં ભેળવાતા તલાટીઓની સેવાઓ પરત લેવા પંચાયત પ્રમુખના સંકેત

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરમાં ભેળવવામાં આવેલ ૧૮ ગામોમાં ફરજો બજાવતા તલાટીઓની સેવાઓ પરત ખેંચી અને જિલ્લાના અન્ય ગ્રામ્ય વિસ્તારોમાં તેમને મુકવામાં આવે તેવા સ્પષ્ટ સંકેત જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતિ મંગુબેન શ. પટેલ(ચૌધરી)એ આપ્યા છે.

તેમણે જણાવ્યુ હતુ કે તલાટીઓને ત્યાં મનપાની વહીવટીય પ્રથા ફાવતી નથી અને ગ્રામજનોની હાલાકીમાં જે વધારો થયો છે તેનાથી બધા લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

કોટેશ્વર, રાંધેજામાં ઉભા થયેલા પ્રશ્નો ઉપરાંત વિવિધ ગામોમાં પણ આકારણી પત્રકોની નોંધ મંજૂર કરવા અંગેની કોઈ સ્પષ્ટ સૂચનાઓ ન હોવાથી, પાણીની પાઈપલાઈનોમાં લીકેજીસ રિપેરીંગ કરવાની સત્તા પણ તલાટી પાસે નથી એવા સંજોગોમાં આપણા કર્મચારીઓને ત્યાં રાખવા છતાં કોઈ લાભ પ્રજાને મળતો નથી. જિલ્લામાં તલાટી સંવર્ગમાં ઘટ પણ વધુ પડતી છે ત્યારે આ કર્મયોગીઓને તેમની સેવાઓનો લાભ અન્ય ગ્રામજનોને મળે તે જરૂરી છે. સરકારશ્રીએ પણ સ્પષ્ટ રીતે મનપાને ચાર્જ સંભાળી લેવા માટેની સૂચનાઓ આપી દીધી છે ત્યારે આપણુ તંત્ર હાથ પર હાથ ચડાવી બેસી રહે તે પણ યોગ્ય નથી.

શ્રીમતિ પટેલે આ મુદ્દાને ગંભીરતાથી લેવા પણ તંત્રના અધિકારીઓને સ્પષ્ટ સંકેત આપી દીધા હોવાનું તેમના નિકટવર્તી વર્તુળોમાંથી જાણવા મળેલ છે.


## શહેરના માર્ગો પર વૃક્ષોનુ ટ્રીમીંગ કરવા માટે અભિયાન શરૂ

### તબક્કાવાર તમામ માર્ગો પર ટ્રીમીંગની કામગીરી હાથ ધરાશે : હાલ છ માર્ગ પર ટ્રીમીંગ કરવામાં આવી રહ્યુ છે : સુકા અને ઉભા જોખમી વૃક્ષોની પણ કટોતી કરવામાં આવે છે

ગાંધીનગર તા ૨

ગાંધીનગરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોના આંતરિક વિસ્તારમાં વૃક્ષોની સંખ્યા વિશેષ છે. જયારે આ પૈકી કેટલાક વૃક્ષો જોખમી હાલતમાં પણ છે. સુકાયેલા જોખમી વૃક્ષો પણ તંત્ર દ્વારા દુર કરવામાં આવી રહ્યા છે. જયારે હાલ શહેરના છ માર્ગ પર વૃક્ષોનુ ટ્રીમીંગ કરવામાં આવી રહ્ય છે. ત્યારબાદ નગરના જ માર્ગ પર પણ ટ્રીમીંગ કરાશે ત્યારબાદ તબક્કાવાર નગરના તમામ માર્ગો પર નમી પડેલી વૃક્ષો ભયજનક ડાળીઓ દુર કરાશે. આ ઉપરાંત સેકટરોના આંતરિક માર્ગો પર વૃક્ષોનુ જરૂર મુજબ ટ્રીમીંગ કરવા માટે પણ કામગીરી હાથ ધરાશે.

● અનુસંધાન પાન-૭ પર



કોન ચિત્રકાર હે... - જીવનમાં ભાગદોડની વચ્ચે પાંચેક મિનિટ સમય ફાળવીને આકાશ તરફ નજર માંડીએ તો સંધ્યાકાળે અદ્દભૂત પ્રાકૃતિક લીલાના દર્શન થઈ શકે છે... આથમતો સૂર્ય અને ચંદ્રનો ઉદયના અદ્દભૂત સંયોગ સમયે આંખના પલકારે આકાશમાં જે રંગ બદલાય છે... એ જોવાનો લ્હાવો જીવનને ધન્ય બનાવે છે... સનસેટ જોવા માટે માઉન્ટ આબુ ન જવાય તો ચાલશે... પરંતુ સાંજે પાંચેક મિનિટ આંગણાંમાથી જ આકાશ દર્શનનો લ્હાવો લેવાનું મન થાય તો જીવન ધન્ય બને છે... પ્રકૃતિનો ખજાનો આપણી આસપાસ જ છે... એના માટે વલખા મારવાની આવશ્યકતા નથી... માત્ર દૃષ્ટિ કેળવીશું તો નજર સામે ખજાનો ખડકાશે... કેવી અદ્દભૂત રંગોની સજાવટ અને તે પણ પલકારામાં બદલાતા રંગો અને દશ્યો નયનરમ્ય બને છે... ઉપરોક્ત ત્રણેય તસવીરો એક-એક મિનિટના અંતરે કેમેરામાં કેદ કરાઈ છે...

## મનપાની સામાન્ય સભા સોશિયલ ડિસ્ટન્સીંગ સાથે તાકીદે યોજવા વિપક્ષી નેતાની માંગ

### રાજ્યસભાની ચૂંટણી યોજાઈ શકતી હોય તો સામાન્ય સભા બોલાવી શકાય

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરમાં કોવિડ-૧૯ના વધતા જતા સંક્રમણની સ્થિતિને લઈ વિપક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલાએ દુઃખની લાગણી વ્યક્ત કરી આ બાબતે નિષ્પક્ષ અને ખુલ્લા મને ચર્ચા કરવા ખાસ સામાન્ય સભા યોજવા માટેની માંગ કરી છે.

**શહેરમાં બગડેલી સ્થિતિ માટે તંત્ર વધુ જવાબદાર હોવાનો ગંભીર આક્ષેપ કરતા શૈલેન્દ્રસિંહ**

બિહોલાએ મ્યુનિ. કમિશનરને લખેલા પત્રમાં તેમણે તંત્ર દ્વારા લેવાયેલા પગલાં અને આગામી દિવસોમાં લેવામાં આવનારા પગલાંઓ અંગેના રોડમેપથી સભ્યો વાકેફ થાય તેમજ જનતાને પણ સધિયારો મળે તે માટે સોશિયલ ડિસ્ટન્સીંગ સાથે સામાન્ય સભા બોલાવવી જોઈએ તેવી માંગ કરી છે.

બિહોલાએ જણાવ્યુ હતુ કે અનલોક-૧ ના સમયમાં રાજ્યસભાની ચૂંટણી યોજી શકાતી હોય તો સોશિયલ ડિસ્ટન્સીંગથી સામાન્ય સભા પણ યોજવી જોઈએ.

તેમણે તંત્રને આડે હાથ લેતાં એવો પણ આક્ષેપ કર્યો હતો કે કોરના મુક્ત શહેર બની ગયુ હોવાની વાતો કરી વાહવાહી મેળવવામાં તંત્ર મશગુલ બન્યુ હતુ પણ જે તકેદારી લેવી જોઈએ તે ન લેવાતાં શહેરની હાલત વિસ્ફોટક બની છે અને તે માટે તંત્ર વધુ જવાબદાર છે.

બિહોલાએ આ પત્રમાં જણાવ્યું છે કે લોકડાઉનના કારણે ધંધા-રોજગાર બંધ હોવાથી આર્થિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા કોમર્શિયલ એકમોને વેરામાં ૧૦ટકા વળતર ઉપરાંત વધારાના ૨૦ ટકા વળતર મળીને કુલ ૩૦ ટકા વળતરની જાહેરાત કરવામાં આવી છે જે સારી બાબત છે પરંતુ ગાંધીનગરમાં વ્યવસાયિક એકમોના પ્રમાણમાં રહેણાંક વિસ્તાર વધુ છે અને લોકડાઉનના કારણે મધ્યમવર્ગના લોકોની આર્થિક પરિસ્થિતિ પર વધુ અસર થઈ છે.

આથી મિલકત વેરામાં હાલમાં ૧૦ ટકા વળતર આપવામાં આવી રહ્યું છે તો તેમાં ૧૦ ટકા વધારો કરીને મિલકત વેરા પર કુલ ૨૦ ટકા વળતર આપવું જોઈએ જેથી પ્રજા હાલ જે પરિસ્થિતિનો સામનો કરી રહી છે તેમાં આંશિક રાહત મળી રહે.

ઉપરોક્ત બાબતો અંગે મનપા દ્વારા ગંભીરતાથી વિચારણા કરવી જોઈએ. પ્રજાના હિતલક્ષી મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે સામાન્ય સભા બોલાવવી જરૂરી હોવાથી તાત્કાલિક ધોરણે સોશિયલ ડિસ્ટન્સીંગ જળવાય તે રીતે સામાન્ય સભા બોલાવશો.

## ધો -૧૨ સામાન્ય પ્રવાહમાં પુરક પરીક્ષા માટે આજથી ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાશે

### ધો -૧૨ સા. પ્રવાહમાં એક વિષયમાં ગેરહાજર કે નાપાસ વિદ્યાર્થીઓ માટે પુરક પરીક્ષા લેવાશે : તા ૩ થી ૧૩ જુલાઇ ઓનલાઇન રજીસ્ટ્રેશન કરવામાં આવશે

ગાંધીનગર તા ૨

માર્ચ ૨૦૨૦ માં લેવાયેલી ધો -૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષામા એક વિષયમાં ગેરહાજર કે ઉત્તિર્ણ ન થયા હોય તેવા વિદ્યાર્થીઓ પુરક પરીક્ષા આપી શકશે જયારે આ માટે તા ૩ થી ૧૩ જુલાઇ દરમિયાન વિદ્યાર્થીઓએ ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવાનુ રહેશે તેમ પણ બોર્ડના સુત્રોએ જણાંવ્યુ છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૨૦ માં લેવાયેલી ધો -૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષામાં જે વિદ્યાર્થીઓ એક વિષયમાં ગેરહાજર હોય અગર એક વિષયમાં ઉતિર્ણ ન થયા હોય અલબત ગુણપત્રકમાં સુધારાને અવકાશ ધરાવતા હોય તેવા વિદ્યાર્થીઓ શાળાવાર યાદી તૈયાર કરીને સુપ્રત કરી દેવામાં આવી છે. જયારે આવા વિદ્યાર્થીઓ પુરક પરીક્ષા આપવા ઈચ્છુકિ હોય તો તે પુરક પરીક્ષા આપી શકશે શિક્ષણ બોર્ડના નાયબ નિયામક ડો અવનીબા મોરીએ જણાંવ્યા મુજબ આ પુરક પરીક્ષા માટેનુ આવેદન શાળાઓએ બોર્ડની વેબસાઈટ પરથી ઓનલાઈન ભરવાનુ રહેશે. આવેદન પત્ર તેમજ ફી ભરવાની પ્રક્રીયા ફકત બોર્ડના વેબસાઈટ પરથી જ ઓનલાઈન કરવાની રહેશે. રૂબરૂ કે ટપાલના માધ્યમથી આવેદન સ્વીકારવામાં આવશે નહી. જયારે પુરક પરીક્ષા માટેનુ આવેદન તા ૩ જુલાઈથી ૧૩ જુલાઈ સુધી બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન ઓનલાઈન કરી શકાશે. આ પરીક્ષામાં કન્યા તેમજ દિવ્યાંગ ઉમેદવારોએ ફી ભરવાની રહેતી નથી. પરંતુ ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવવુ ફરજિયાત છે. જયારે અન્ય ઉમેદવારો માટે એક વિષયની ફી રૂ ૧૪૦ રહેશે.

## તાલુકા પંચાયતની સામાન્ય સભાને લઈ વિવાદ વધુ વકર્યો

### વિકાસ કમિશનરને પત્ર લખી સભા મોકુફ કરવા માંગ કરાઈ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર તાલુકા પંચાયતની સાતમી જુલાઈના રોજ મળનારી સામાન્ય સભાને તાત્કાલિક અસરથી મનાઈ ફરમાવવામાં આવે તેવી સ્પષ્ટ માંગ ગાંધીનગર તાલુકા પંચાયતના સદસ્ય અને કારોબારી સમિતિના ચેરમેન રસિકભાઈ ઠાકોરે વિકાસ કમિશનરને પત્ર લખી માંગ કરી છે.

તેમણે તેમના આ પત્રમાં પંચાયતધારાની કલમ ૨૬૪ અન્વયે અને તેની જણાવેલી સમજૂતી ૪ મુજબ ૧૮-૬-૨૦૨૦ના પરિપત્ર મુજબ તાલુકા પંચાયતના પ્રમુખની બેઠક જે શહેરમાં સમાવિષ્ટ થઈ જતી હોવાથી તેઓ સભ્યપદે જ રહેતા નથી માટે આ ગેરકાયદે બેઠક પર તાત્કાલિક રોક લગાવવામાં આવે. આ બેઠકમાં જે કંઈ નિર્ણય થશે તે પણ પંચાયત ધારાની જોગવાઈઓ વિરૂદ્ધના થશે જે લોકશાહીમાં કાળા પ્રકરણ તરીકે લેખાશે.

ઠાકોરે તેમના આ પત્રની સાથેની ૧૮ જુને સરકારે કરેલા પરિપત્રની નકલ તેમજ પંચાયત ધારાની જોગવાઈઓ અંગેની ઝેરોક્ષ નકલ પણ બીડી છે.

ગાંધીનગર મહાનગરપાલિકામાં ૧૮ ગામો ભેળવવાથી તાલુકા પંચાયતની નવ બેઠકો આપોઆપ રદ થાય છે તેવુ સ્પષ્ટ આ પત્રમાં તેમણે જણાવ્યુ છે.

ગાંધીનગર મનપાની હદ વધારાના નિર્ણય પછી તા.પં.ના પ્રમુખે બોલાવેલી બેઠકને લઈ ભારે વિવાદો ઉભા થયા છે.

આ મુદ્દે કેટલાક ગ્રામજનો પણ હવે કોર્ટમાં જવાનું વિચારી રહ્યાની વાતો આજે ચર્ચાતી સાંભળવા મળી હતી. સંવેદનશીલ અને ત્વરિત નિર્ણય માટે જાણીતી રૂપાણી સરકાર આ મુદ્દે મૌન ધારણ કરી બેઠી છે જેનાથી ઘણા બધા લોકોની લાગણી દુભાઈ છે.

બીજી તરફ જિલ્લા પંચાયતના પ્રમુખે પણ આ જ મુદ્દે વિકાસ કમિશનરને પત્ર લખી નવ બેઠકોના સભ્યો અંગે સ્પષ્ટ માર્ગદર્શન આપવા માંગ કરી છે.

તાલુકા પંચાયતના પ્રમુખે બોલાવેલી બેઠકને લઈ ઉભો થયેલો વિવાદ શમવાનું નામ લેતો નથી.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું
અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com